અપીલ અરજી નં.૩૨૦ તા.૧૬–૧–૦૯

અરજદારઃ શ્રી અમરતભાઈ જીવરામભાઈ પટેલ
સામાવાળાઃ ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરતભાઈ જીવરામભાઈ પટેલની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી અંબિકાપાર્ક– વિ–૧ સર્વે નં.૪ થી ૭ ,ડીંડોલી ગોડાદરા રોડ, કૈલાસ સોસા. ડીંડોલી તળાવ પાસે, હર્ષ બંગલોજ સર્વે નં.૯૩ ડીંડોલી ખરવાસા રોડ(ઓમનગર), અંબિકા પાર્ક વિ–૨, સર્વે નં.૧૫૨ થી ૧૫૫ ડીંડોલી દેલાડવા રોડ, રૂકમણી સોસા. ડીંડોલી ખરવાસા રોડ (શ્યામ વિલા સામે) ની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૧૬–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૨૦/૨૦૦૮–૦૯

શ્રી અમરતભાઈ જીવરામભાઈ પટેલની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી અંબિકાપાર્ક– વિ–૧ સર્વે નં.૪ થી ૭ ,ડીંડોલી ગોડાદરા રોડ,કૈલાસ સોસા. ડીંડોલી તળાવ પાસે, હર્ષ બંગલોજ સર્વે નં.૯૩ ડીંડોલી ખરવાસા રોડ(ઓમનગર), અંબિકા પાર્ક વિ–૨, સર્વે નં.૧૫૨ થી ૧૫૫ ડીંડોલી દેલાડવા રોડ, રૂકમણી સોસા. ડીંડોલી ખરવાસા રોડ (શ્યામ વિલા સામે) ની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે કમિશનર (હે.અને હો.) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૫૬૫ તા.૧૩–૧–૦૯થી આપેલ જવાબ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૭૭ તા.૧૦–૨–૦૯ થી ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને પત્ર પાઠવવામાં આવેલ તથા અરજદારને અપીલ અંગે નિયત નમુના ફોર્મ મોકલી રજુ કરવા જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારીને સદર બાબતે પુરક વિગતો માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઈ.ઝોન /મહેકમ/ આ. નં૪૦૪૭ તા.૧૬–૨–૦૯ થી અત્રેના વિભાગને પુરક વિગતો મળેલ છે. તથા અરજદાર તરફથી તા.૧૨–૨–૦૯ના રોજ અપીલ નિયત નમુના ફોર્મમાં અત્રેની કચેરીએ રજુ કરેલ છે. જેમાં અરજદારે અંબિકા પાર્ક વિ–૧,૨, કૈલાસ સોસા. ,રૂકમણી સોસા. હર્ષ બંગલોજના બાંધકામ અને લેઆઉટ પ્લાન ઉપરથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતીની માંગણી કરેલ છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જાહેર માહિતી અધિકારીએ સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં.૩૪૩૬ તા.૫–૧–૦૯ થી નમુના 'ગ' માં નકશાઓ અને વિકાસ પરવાનગીના રૂ.૬૧૪૨/– ભરી માહિતી મેળવવા જણાવેલ. જેમાં અરજદારે તા.૯–૧–૦૯ ના પત્રથી પણ નકશાઓની માંગણી કરેલ નથી તેવું જણાવેલ છે. સા.ઈ.ઝોન/મહેકમ /૩૫૬૫ તા.૧૩–૧–૦૯ તથા સા.ઈ.ઝોન/મહેકમ/૩૬૫૦ તા.૨૦–૧–૦૯ થી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે તથા તા.૨૨–૧–૦૯ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે ઈન્સ્પેકશન પુરું પાડતા સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૬૦૬ તા.૧૭–૧–૦૯ ના પત્રની નકલ પણ રજુ કરેલ છે. તેમજ પુરક માહિતીમાં તા.૨૨–૧–૦૯ ના રોજ રેકર્ડ ચકાસણી તથા નકશાની માહિતી આપેલ છે. અરજદારને આરટીઆઈ કાયદાની નિયમ અને જોગવાઈ અનુસાર મુદ્દા નં.૨ (અ), ૨(બ) મુદ્દા નં.૩(અ) અને ૩(ક), મુદ્દા નં.૪(અ,બ,ગ,ઘ) મુદ્દા નં.૫(અ,બ,ઘ) ને લગતી દફતરી અને હકીકતલક્ષી માહિતી અરજદારને પુરી પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને. પ્લાન લે આઉટનો અભ્યાસ કર્યેથી જાણી શકાશે તેવી આપેલ માહિતી કાયદાના હાર્દ અને જોગવાઈ સાથે સુસંગત નથી. કાયદાની કલમ ૪ સી તથા ૪(૧) ડી હેઠળ આ પ્રકારની માહિતી અસરકર્તાને આપોઆપ જણાવવાની આદેશાત્મક જોગવાઈ છે તે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીના દફતરે ઉપલબ્ધ થયેલ કે નહીં થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી માહિતી અરજદારને પુરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત નિર્દિષ્ટ મુદ્દાઓ અંગે નહીં પુરી પડાયેલી દફતરી હકીકતલક્ષી માહિતી અત્રેની જાણ હેઠળ આરટીઆઈની કલમ–૭(૬) અનુસાર વિના મુલ્યે અરજદારને દિન–૭ માં પુરી પાડવા ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને જણાવવામાં આવે છે. આ સિવાયના અરજદારે ઉપસ્થિત કરેલ તકરારી મુદ્દા જે સીધા અત્રેના જાહેર સત્તા મંડળના કાર્યક્ષેત્રમાં પ્રથમદર્શી સમાવિષ્ટ થતા નથી જેવા કે છેતરપીંડી, વિશ્વાસઘાત, વિગેરે જે ધ્વિપક્ષી ખરીદ– વેચાણ વ્યવહાર કે કરાર હેઠળના ગણાય જેથી તેવી બાબતો અંગે માહિતી પુરી પડાવવા અંગે અત્રેની કક્ષાએથી કોઈ નિર્ણય લેવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

*ડે.કમિશનર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**

(૧) ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી, લીંબાયત ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમરતભાઈ જીવરામભાઈ પટેલ,